બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▶ When the worlds sleeps
▶ Our power keeps working
▶ Ensures uninterrupted Performance
▶ 24x7 service
▶ 365 days a year
▶ Because downtime is not an option
▶ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૨૪ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ છઠ , સોમવાર ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

### પોલીસે દિલ્હીમાં વિવિધ સ્થળે પાકિસ્તાન અને આતંકવાદના સમર્થક પોસ્ટરો લગાવનારાઓને શોધી કાઢ્યા

# LeT મોડ્યુલનો પર્દાફાશ : 8 ત્રાસવાદી ઝબ્બે

**દિલ્હી** પોલીસે દરોડા પાડીને તમિલનાડુમાંથી છ અને પશ્ચિમ બંગાળમાંથી બેની ધરપકડ કરી

**પકડાયેલાઓમાંથી** સાત ત્રાસવાદીઓ બાંગ્લાદેશી, તેમનો કાશ્મીરી હેન્ડલર પણ બાંગ્લાદેશમાં રહે છે

**દિલ્હી** પોલીસે ઝડપાયેલા શકમંદો પાસેથી ડઝનબંધ મોબાઇલ ફોન અને સિમ કાર્ડ જપ્ત કર્યા

**નવી દિલ્હી, તા. 22:** ત્રણ રાજ્યોમાં હાથ ધરાયેલા એક મોટા આતંકવાદ વિરોધી ઓપરેશનમાં, દિલ્હી પોલીસે લશ્કર-એ-તૈયબા (LeT) ના એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે, જેમાં આઠ ઓપરેટિવ્સની ધરપકડ કરવામાં આવી છે. આમાં સાત બાંગ્લાદેશી નાગરિકોનો સમાવેશ થાય છે જેમણે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો હતો અને નકલી ઓળખના દસ્તાવેજો બનાવ્યા હતા, તેમ રવિવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

તપાસકર્તાઓએ દિલ્હીમાં વિવિધ સ્થળોએ આતંકવાદી બુરહાન વાણીને દર્શાવતા પાકિસ્તાન સમર્થક અને આતંકવાદ સમર્થક પોસ્ટરો લગાવવામાં આ જૂથની સંડોવણી શોધી કાઢી હતી, ત્યારબાદ પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં સંકલિત દરોડા પાડીને આ ધરપકડ કરવામાં આવી હતી.

એડિશનલ કમિશનર ઓફ પોલીસ (સ્પેશિયલ સેલ) પ્રમોદ સિંહ કુશવાહે જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન, પોલીસે શંકાસ્પદો પાસેથી ડઝનબંધ મોબાઈલ ફોન અને સિમ કાર્ડ જપ્ત કર્યા. નેટવર્કનો નકશો બનાવવા અને શક્ય વિદેશી લિંક્સ સ્થાપિત કરવા માટે આ ઉપકરણોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મિઝાનુર રહેમાન, મોહમ્મદ શબાત, ઉમર, મોહમ્મદ લિટન, મોહમ્મદ શાહિદ અને મોહમ્મદ ઉજ્જલ તરીકે ઓળખાયેલા છ આરોપીઓની તમિલનાડુના તિરુપુર જિલ્લામાંથી ગારમેન્ટ યુનિટમાંથી ધરપકડ કરવામાં આવી હતી, અને બે પશ્ચિમ બંગાળમાંથી પકડાયા છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે પકડાયેલા બાંગ્લાદેશીઓ તેમની ઓળખ છુપાવવા માટે બનાવટી આધાર કાર્ડોનો ઉપયોગ કરી રહ્યા હતા. પોલીસે એવો પણ દાવો કર્યો છે કે તેણે મોબાઈલ ફોનમાંથી કેટલાક વીડિયો પણ શોધી કાઢ્યા છે જેમાં દિલ્હી સહિત વિવિધ શહેરોમાં કરવામાં આવેલી રેકી પણ જોઈ શકાય છે.

### ત્રાસવાદી મોડ્યુલ સાથે ISI ની સંડોવણીનો પણ ઉલ્લેખ

તપાસમાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI ની સંડોવણીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ISI ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને આતંકવાદી હુમલાઓને અંજામ આપવા માટે ભરતી કરવાનો પ્રયાસ કરી રહી છે. તાજેતરની ધરપકડો બાદ, દિલ્હી પોલીસને શંકા હતી કે ISI ભરતી અને ઓપરેશનલ પ્લાનિંગ માટે નાણાકીય સહાય પણ પૂરી પાડી રહી છે.

### અગાઉ દિલ્હી પોલીસે ઝડપેલો શબીર લોન બાંગ્લાદેશથી મોડ્યુલનું સંચાલન કરતો હતો



પોલીસના જણાવ્યા અનુસાર આ મોડ્યુલનું સંચાલન બાંગ્લાદેશથી શાબીર અહેમદ લોન ઉર્ફે રાજા ઉર્ફે કાશ્મીરી દ્વારા કરવામાં આવી રહ્યું હતું. શબીર જમ્મુ અને કાશ્મીરનો લશ્કર-એ-તૈયબાનો તાલીમબદ્ધ આતંકવાદી છે, જેની અગાઉ 2007માં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા એકે-47 રાઈફલ અને ગ્રેનેડ સહિતના શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરવાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શ્રીનગરના કંગનનો વતની લોન, 2018માં તિહાર જેલમાંથી મુક્ત થયા બાદ બાંગ્લાદેશ ભાગી ગયો હતો અને તે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી ઓપરેટિવ્સના સ્લીપર સેલને સક્રિય કરીને ભારતમાં લશ્કરના આતંકવાદી નેટવર્કને ફરીથી જીવંત કરવાનું કામ કરી રહ્યો હતો.

## ચિલીમાં ટ્રકમાં વિસ્ફોટ પછી હાઇવે પર ગેસના વાદળમાં ફસાતા ઘણાં લોકોના મોત



■ દક્ષિણ અમેરિકામાં એક ગેસ ટેન્કર પલટી જતાં અને ભીષણ આગમાં વિસ્ફોટ થતાં અનેક લોકોના મોત થયા છે. ગુરુવારે ચિલીના સેન્ટિયાગોમાં એક હાઇવે ગેસના પ્રચંડ વાદળમાં ઘેરાયેલો હતો તે ક્ષણનો એક ભયાનક વીડિયો કેદ થયો . સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર , પ્રવાહી ગેસનું વહન કરતી એક ટ્રક પલટી ગઈ, જેમાં આગ લાગી અને વિસ્ફોટ થયો જેમાં ઘણાંના મોત થયા હતા અને 17 અન્ય ઘાયલ થયા. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં વિસ્ફોટ સ્થળ પર આગની જ્વાળાઓ દેખાઈ રહી હતી, સાથે જ વાહનચાલકો ઝડપથી ફેલાતા ધુમાડાથી બચવા માટે યુ-ટર્ન લેવાનો અથવા રિવર્સ કરવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. માત્ર 30 સેકન્ડ પછી, આખો રસ્તો વાદળ હેઠળ ઢંકાઇ ગયો હતો. આ વિનાશક અકસ્માત ઉત્તરી સેન્ટિયાગો કોમ્યુન ઓફ રેન્કામાં થયો હતો, જે એક મુખ્ય હાઇવે અને ઔદ્યોગિક વિસ્તારની નજીક છે. આ ટેન્કર ચિલીની સ્થાનિક ગેસ કંપની ગેસ્કોનું હતું અને દુર્ઘટનાનું કારણ જાણવા માટે હજુ પણ તપાસ ચાલી રહી છે.

## ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર ઠાર મરાયો

**યુએસ** સીક્રેટ સર્વિસે દ્વારા ઠાર મરાયેલી વ્યક્તિ શોટગનની સાથે ઈંધણનો ડબ્બો લઇને આવી હતી

**સશસ્ત્ર** વ્યક્તિએ માર-એ લોગોમાં ઘુષણખોરીનો પ્રયાસ કર્યો ત્યારે ટ્રમ્પ વ્હાઇટ હાઉસમાં બેઠા હતા



વોશિંગ્ટન, તા. 22 (એપી) : યુએસ સિક્રેટ સર્વિસે રવિવારે જાહેરાત કરી હતી કે ફ્લોરિડાના પામ બીચમાં આવેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રિસોર્ટ 'માર-એ-લાગો'ની સુરક્ષિત હદમાં પ્રવેશ્યા બાદ એક સશસ્ત્ર વ્યક્તિને ગોળી મારીને ઠાર કરવામાં આવ્યો છે. ટ્રમ્પ ઘણીવાર સપ્તાહના અંતે તેમના રિસોર્ટમાં સમય વિતાવે છે, પરંતુ આ ઘટના દરમિયાન તેઓ વ્હાઈટ હાઉસમાં હતા. પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પ પણ રાષ્ટ્રપતિની સાથે હતા.

ગોળી વાગવાથી મૃત્યુ પામનાર વ્યક્તિનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. સિક્રેટ સર્વિસના જણાવ્યા અનુસાર, તે વ્યક્તિ રવિવારે વહેલી સવારે ૧:૩૦ વાગ્યે માર-એ-લાગો પ્રોપર્ટીના ઉત્તર ગેટ પાસે શૉટગન અને ઈંધણનો ડબ્બો લઈને જતો જોવા મળ્યો હતો. પામ બીચ કાઉન્ટીના શેરિફ રિક બ્રેડશોએ એક ટૂંકી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, બે સિક્રેટ સર્વિસ એજન્ટો અને એક શેરિફ ડેપ્યુટી દ્વારા તે માણસનો સામનો કરવામાં આવ્યો હતો.

બ્રેડશોએ કહ્યું તેને તેની પાસે રહેલા બે સાધનો નીચે મૂકવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. તે સમયે તેણે ગેસનો ડબ્બો નીચે મૂક્યો, પરંતુ શૉટગનને શૂટિંગની સ્થિતિમાં ઉપર ઉઠાવી. ખતરાને નિષ્ક્રિય કરવા માટે બે એજન્ટો અને ડેપ્યુટીએ તેમના શસ્ત્રોથી ગોળીબાર કર્યો હતો. એફબીઆઈએ માર-એ-લાગો નજીક રહેતા રહેવાસીઓને વિનંતી કરી છે કે તેઓ તેમના સુરક્ષા કેમેરાના ફૂટેજ

...અનુસંધાન પાના 2 પર

## કોંગ્રેસે AI સમિટને તેની 'ગંદી ઔર નંગી' રાજનીતિનો અખાડો બનાવી : મોદી

**એઆઇ** સમિટમાં શર્ટલેસ પ્રદર્શન બદલ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા વડાપ્રધાને તેને વૈચારિક રીતે કંગાળ બની ગયેલો પક્ષ ગણાવ્યો

**મેરઠ (UP), તા. 22(PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દિલ્હીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સમિટમાં કોંગ્રેસના શર્ટલેસ વિરોધ પ્રદર્શન બદલ આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે પાર્ટીએ દેશ દ્વારા આયોજિત આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમને તેની ગંદી અને નંગી રાજનીતિનો અખાડો બનાવી દીધો.

અહીં નમો ભારત રેલ અને મેરઠ મેટ્રો રેલ એક્સટેન્શન સહિતના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યા બાદ એક જનસભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે, કોંગ્રેસનું આ વર્તન દર્શાવે છે કે પાર્ટી કેટલી વૈચારિક રીતે નાદાર અને કંગાળ બની ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે તમામ હદો વટાવી દીધી છે અને તેના આચરણની દેશભરમાં વ્યાપક ટીકા થઈ છે. જો કે, શરમ અનુભવવાને બદલે કોંગ્રેસના નેતાઓ દેશનું અપમાન કરનારાઓનું મહિમામંડન કરી રહ્યા છે, તેમ વડાપ્રધાને જણાવ્યું હતું. સાથે જ, મોદીએ આ ઘટનાની ટીકા કરવા બદલ વિપક્ષી દળોનો આભાર માનતા કહ્યું કે તેઓ સત્ય અને રાષ્ટ્રીય ગૌરવની સાથે ઊભા રહ્યા છે. વડાપ્રધાને કહ્યું, જ્યારે નાગરિકો ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે, ત્યારે કેટલાક રાજકીય પક્ષો દેશની સફળતાને પચાવી શકતા નથી.

તેમણે ઉમેર્યું કે દિલ્હીમાં યોજાયેલી આ સમિટમાં 80 થી વધુ દેશોના પ્રતિનિધિઓ અને લગભગ 20 દેશોના રાષ્ટ્રાધ્યક્ષોએ હાજરી આપી હતી, જેનાથી દેશનું ગૌરવ વધ્યું છે. પરંતુ કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમે શું કર્યું? તેઓએ ભારતના આ વૈશ્વિક કાર્યક્રમને તેમની 'ગંદી ઔર નંગી' રાજનીતિના અખાડામાં ફેરવી દીધો. કોંગ્રેસના નેતાઓ વિદેશી મહેમાનોની સામે કપડાં ઉતારીને કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. વિપક્ષી પાર્ટી પર આકરા પ્રહાર કરતા તેમણે કહ્યું, હું કોંગ્રેસના નેતાઓને પૂછવા માંગુ છું - દેશ પહેલેથી જ જાણે છે કે તમે 'નાગા' છો, તો પછી વધુ નિર્વસ્ત્ર થવાની શું જરૂર હતી? મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસના નેતાઓના કૃત્યો દેશની આ સૌથી જૂની રાજકીય પાર્ટીની હાલત દર્શાવે છે.

### ન્યૂઝ બ્રીફ

#### શરદ પવારને હળવું ડિહાઇડ્રેશન થતાં પુણેની હોસ્પિટલમાં દાખલ

**પુણે :** એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારને હળવા ડિહાઇડ્રેશનના કારણે રવિવારે પુણેની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું ડોક્ટરોએ જણાવ્યું હતું. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ૮૫ વર્ષીય રાજ્યસભાના સભ્યની હાલત સ્થિર છે. હોસ્પિટલના ચીફ કાર્ડિયોલોજિસ્ટ અને ચેરમેન ડો. પરવેઝ ગ્રાન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ' 'તેમને હળવા ડિહાઇડ્રેશનને કારણે રૂબી હોલ ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમને ઈન્ટ્રાવેનસ ફ્લુઇડ્સ (ગ્લુકોઝના બાટલા) આપવાની જરૂર છે. તેમની તબિયત સ્થિર

...અનુસંધાન પાના 2 પર

#### ઓડિશામાં એસયુવી-ટ્રક વચ્ચે અકસ્માતમાં 5 પોલીસકર્મીનાં મોત

**ભુવનેશ્વર:** ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં નેશનલ હાઇવે 49 પર રવિવારે વહેલી સવારે એક એસયુવી અને ટ્રક સામ-સામે અથડાતાં ઓછામાં ઓછા પાંચ પોલીસકર્મીઓનાં મોત થયાં છે અને અન્ય ચાર ઘાયલ થયા છે. એમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત ઝારસુગુડા સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓડિશા આદર્શ વિદ્યાલય પાસે થયો હતો જ્યારે આઠ પોલીસકર્મીઓ ઝારસુગુડામાં એક લગ્નમાંથી પરત ફરી રહ્યા હતા, જ્યારે ટ્રક વિરુદ્ધ દિશામાં આવી રહી હતી. તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ

...અનુસંધાન પાના 2 પર

#### તા. ૨૨-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૧૯.૨° સે. | ૨૩% |

## અમેરિકા સાથેનો વેપાર કરાર અબ કી બાર, ટ્રમ્પ સે હાર નો પુરાવો : કોંગ્રેસ

**કોઈપણ** કરાર 'આપ-લે' પર આધારિત હોય છે, પરંતુ આ વચગાળાના વેપાર કરાર હેઠળ ભારતે માત્ર આપ્યું જ છે

**નવી દિલ્હી, તા. 22(PTI):** અમેરિકા સાથેના વચગાળાના વેપાર સોદા મુદ્દે સરકાર પર પ્રહાર કરતા કોંગ્રેસે રવિવારે જણાવ્યું હતું કે, આ સોદો અબકી બાર ટ્રમ્પ સે હાર પ્રતિબિંબિત કરે છે. અમેરિકન સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કરવાના ચુકાદા બાદ ઊભી થયેલી મૂંઝવણને ધ્યાનમાં રાખીને આ સોદાને કોલ્ડ સ્ટોરેજમાં નાખી દેવો જોઈએ.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે, વચગાળાના કરારના માળખાની શરતો પર ફરીથી વાટાઘાટો થવી જોઈએ અને આયાત ઉદારીકરણ, ખાસ કરીને કૃષિ પેદાશો અંગેની કલમને રદ કરવી જોઈએ. રમેશે કહ્યું કે કોઈપણ કરાર 'આપ-લે' પર આધારિત હોય છે, પરંતુ આ વચગાળાના વેપાર કરાર હેઠળ ભારતે માત્ર આપ્યું જ છે. રમેશે PTI વીડિયોઝ સાથે વાત કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2019માં હ્યુસ્ટનમાં 'અબકી બાર ટ્રમ્પ સરકાર'નો નારો આપ્યો હતો, પરંતુ આ વચગાળાના કરારનું માળખું 'અબકી બાર ટ્રમ્પ સે હાર'નો પુરાવો છે.

રમેશે ધ્યાન દોર્યું હતું કે વચગાળાના વેપાર કરારનું માળખું

...અનુસંધાન પાના 2 પર

## કિશ્તવારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં જૈશના ત્રણ ત્રાસવાદી ઠાર

**'ત્રાશી-I'** ઓપરેશન દરમિયાન ત્રણેય પાકિસ્તાની ત્રાસવાદી ઠાર, બે AK-47 રાઈફલ્સ તથા દારૂગોળો મળી આવ્યા

**માર્યા** ગયેલા ત્રાસવાદીઓમાં ખૂંખાર કમાન્ડર સૈફુલ્લાનો સમાવેશ, તે અગાઉની અનેક અથડામણોમાં બચી ગયો હતો

**જમ્મુ, તા. 22 (PTI):** જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં રવિવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં પ્રતિબંધિત જૈશ-એ-મોહમ્મદ સંગઠન સાથે જોડાયેલા ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે માર્યા ગયેલા તમામ આતંકવાદીઓના મૃતદેહ ઓળખી ન શકાય તે રીતે બળી ગયા હતા કારણ કે તેઓ માટીના જે કૂબામાં સંતાયા હતા તેને ગોળીબાર દરમ્યાન આગ લાગી ગઈ હતી. સુરક્ષા એજન્સીઓના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, મૃતકોમાંનો એક સૈફુલ્લા હોવાનું માનવામાં આવે છે, જે જૈશ-એ-મોહમ્મદનો કુખ્યાત કમાન્ડર હતો.અહેવાલો અનુસાર, તે લગભગ પાંચ વર્ષ પહેલાં જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરી કરીને આવ્યો હતો અને ત્યારથી તે આ વિસ્તારમાં સક્રિય હતો. તે સુરક્ષા દળો પરના અનેક ઘાતક હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે, જેમાં જુલાઈ 2024માં થયેલા હુમલાનો પણ સમાવેશ થાય છે જેમાં એક કેપ્ટન સહિત ચાર જવાન શહીદ થયા હતા. તે ભૂતકાળમાં અનેક અથડામણોમાંથી બચી નીકળવામાં સફળ રહ્યો હતો. અગાઉ બેનાં મોતનો આંકડો અપાયો હતો. ત્રીજા ત્રાસવાદીનો મૃતદેહ સાંજે મળી આવ્યો હતો.

નોર્ધન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ પ્રતિક શર્માએ આ આતંકવાદીઓને ઠાર કરવા માટે વ્હાઈટ નાઈટ કોર્પ્સના સૈનિકોની ઝડપી અને સચોટ કાર્યવાહીની પ્રશંસા કરી હતી. સેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આર્મી કમાન્ડર પડકારજનક ભૂપ્રદેશ અને હવામાનની સ્થિતિમાં કમાન્ડરો

...અનુસંધાન પાના 2 પર

## ભારત-અમેરિકા વેપાર કરારને આખરી ઓપ આપવા માટેની બેઠક મોકૂફ

**અમેરિકી** સુપ્રીમ કોર્ટના ચુકાદા પછીના ઘટનાક્રમની અસરોનું મૂલ્યાંકન થઇ જાય પછી જ આ બેઠક યોજવાનો બંને પક્ષોનો મત

**નવી દિલ્હી, તા. 22:** સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને અમેરિકાએ વચગાળાના વેપાર કરારના મુસદ્દાને આખરી ઓપ આપવા માટે વોશિંગ્ટનમાં સોમવારથી યોજાનારી મુખ્ય વાટાઘાટકારોની સૂચિત બેઠકને હાલ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

ભારતીય ટીમ ૨૩ ફેબ્રુઆરીથી અમેરિકામાં ત્રણ દિવસીય બેઠક શરૂ કરવાની હતી. વાણિજ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ દર્પણ જૈન આ કરાર માટે ભારતના મુખ્ય વાટાઘાટકાર છે. વાણિજ્ય મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા વેપાર કરાર માટે વાટાઘાટકારોની ભારતીય ટીમની અમેરિકા મુલાકાતના સંદર્ભમાં, બંને પક્ષોનો એવો મત છે કે ભારતીય મુખ્ય વાટાઘાટકાર અને ટીમની સૂચિત મુલાકાત ત્યારે જ નક્કી કરવામાં આવે જ્યારે બંને પક્ષો નવીનતમ ઘટના વિકાસ અને તેની અસરોનું મૂલ્યાંકન કરી લે. આ બેઠક પરસ્પર અનુકૂળ તારીખે ફરીથી નિર્ધારિત કરવામાં આવશે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વ્યાપારી ભાગીદારો પર લાદવામાં આવેલા વ્યાપક આયાત ટેરિફ વિરુદ્ધ અમેરિકી સુપ્રીમ કોર્ટના ચુકાદા

...અનુસંધાન પાના 2 પર